### સુરતમાં 85 લાખની વસતી અને 18 લાખ ઘરોનો સરવે કરાશે

# ડિજિટલ વસ્તી ગણતરીની તૈયારીમાં બેદરકારી: 24 ફિલ્ડ ટ્રેનરને શો-કોઝ

**સુરતમાં** 188 ટ્રેનરની તાલીમ દરમિયાન ગેરહાજરી મામલે તંત્ર કડક

સુરત : દેશભરમાં શરૂ થયેલી ડિજિટલ વસ્તી ગણતરીની પ્રક્રિયાના ભાગરૂપે સુરતમાં તંત્ર દ્વારા તૈયારીઓ તેજ ગતિએ ચાલી રહી છે. જિલ્લા કલેક્ટર અને મહાનગરપાલિકા તંત્ર દ્વારા કામગીરીને ગતિ આપવામાં આવી રહી છે. પરંતુ તાલીમ દરમિયાન બેદરકારી દાખવનારા 24 ફિલ્ડ ટ્રેનર સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા કુલ 188 ફિલ્ડ ટ્રેનર માટે અડાજણ સ્થિત પરફોર્મિંગ આર્ટ સેન્ટરમાં 16થી 18 માર્ચ દરમિયાન ત્રણ દિવસીય તાલીમનું આયોજન કરાયું હતું. આ દરમિયાન પ્રથમ દિવસે 11 અને બીજા દિવસે 13 ટ્રેનર ગેરહાજર રહ્યા હતા. આ ગેરહાજરીને ગંભીરતાથી લઈ તંત્ર દ્વારા તમામ 24 ટ્રેનરને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે અને ગેરહાજરી અંગે સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું છે. સુરતમાં આવનારી ડિજિટલ વસ્તી ગણતરી-2027 માટે મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં આશરે 85 લાખ વસતી અને 18 લાખ ઘરોનો સર્વે હાથ ધરાશે. આ કામગીરી માટે 2 હજાર સુપરવાઈઝર અને 12 હજાર ગણતરીદારો સહિત કુલ 14 હજાર કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. ફિલ્ડ ટ્રેનરોની જવાબદારી સુપરવાઈઝર અને ગણતરીદારોને માર્ગદર્શન આપવાની હોય છે. ત્યારે તાલીમમાં ગેરહાજરીને કારણે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી બાદ સંબંધિત કર્મચારીઓમાં ચિંતા અને સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ફાયર એનઓસી લીધા વિના જ ચલાવવામાં આવતી

# દિલ્હીગેટની હોટેલના ગેરકાયદે રસોડાથી આગ

**પાંચમાં** માળે લાગેલી આગને કારણે હોટેલમાં ઊતરેલા મહેમાનો અને સ્ટાફમાં નાસભાગ મચી

સુરત : શહેરના વ્યસ્ત દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલી હોટેલ ડાયમંડ પ્લાઝાના પાંચમા માળે આજે અચાનક ભીષણ આગ લાગતા હોટેલમાં રોકાયેલા મહેમાનો અને સ્ટાફમાં નાસભાગ મચી ગઈ હતી અને આસપાસના વિસ્તારમાં કાળા ધુમાડાના ગોટા દેખાયા હતા.

આ ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત ઉઠાવી સતત પાણીનો મારો ચલાવી ટૂંકા સમયમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. હોટેલમાં રહેલા તમામ મહેમાનો અને સ્ટાફને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગની ઘટનામાં હોટેલના પાંચમા માળે રહેલો મોટાભાગનો સામાન બળી ગયો હોવાનું સામે આવ્યું છે, જેના કારણે મિલકતને ભારે નુકસાન થયું છે. સદનસીબે આ ઘટનામાં કોઈપણ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી. ફાયર ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ મુજબ આગ કિચનમાં લાગી હોવાનું જણાઈ રહ્યું છે. સાથે જ હોટેલના પાંચમા માળની કાનૂની સ્થિતિ અને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

#### શેડ બનાવીને રસોડું ચાલતું હતું અને મનપા નોટિસ-નોટિસ રમતું રહ્યું

ડાયમંડ પ્લાઝા હોટલના માલિક દ્વારા હોટલમાં ફાયર સેફ્ટીના સાધનો લગાવવામાં આવ્યા હતા પરંતુ હોટલમાં ગેરકાયદેસર પતરાનો શેડ બનાવવામાં આવ્યો હોવાથી અને તેમાં કોઈપણ પ્રકારની પરમિશન વગર એસી ફિટિંગ કરી રસોડું બનાવી ગેરકાયદેસર વપરાશ કરવામાં આવતો હતો. જેના કારણે ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા તેમને એનઓસી આપવામાં આવી ન હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા અગાઉ તેમને આ પતરાનો શેડ હટાવવા માટે નોટિસ પણ આપવામાં આવી હતી પરંતુ ડાયમંડ પ્લાઝા હોટલના માલિક નોટિસને ઘોળીને પી ગયા હતા અને ફાયર એનઓસી વગર જ હોટલ ચલાવતા હતા. આજની દુર્ઘટના બાદ ફરીથી ફાયરબ્રિગેડ વિભાગના અધિકારીઓએ વધુ એક નોટિસ આપવાની તજવીજ હાથ ધરી છે.



### ચૈત્રી નવરાત્રિના પ્રારંભે મંદિરોમાં ભક્તોની ભીડ



■ ચૈત્રી નવરાત્રિના પહેલા દિવસે પાર્લે પોંઈન્ટ પર આવેલા અંબિકા નિકેતન મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતાં.
(તસવીર : સતીષ જાદવ)

# મેજિસ્ટ્રેટના સિક્કા, ભાડુઆતની ખોટી પહોંચ બનાવી દુકાન પચાવવાનો કારસો

**પિતા-પુત્રની** બોગસ સહીઓ કરી દસ્તાવેજ બનાવનાર વકીલ સહિતની ટોળકી સામે ફરિયાદ

સુરતઃ વરાછા મેઈન રોડ પર પવન એપાર્ટમેન્ટની દુકાન પચાવી પાડવા અથવા તેના સરકારી દસ્તાવેજો પોતાના નામે કરાવી લેવાના ઈરાદે એક વ્યવસ્થિત કાવતરું રચી, મૃતક પિતા અને પુત્રની બોગસ સહીઓ કરી નકલી વેચાણ કરાર બનાવનાર બે શખ્સ અને એક વકીલ/નોટરી સામે વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. મ્યુનિસિપલ ટેક્સ બિલમાં નામ ચડાવવા માટે ૨૦ વર્ષ જૂના સ્ટેમ્પ પેપર પર બનાવટી સહીઓ અને સરકારી સિક્કાઓનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

વરાછાની તાપી બાગ સોસાયટીમાં રહેતા અને ઘડિયાળનો વ્યવસાય કરતા રમેશભાઈ શાંતિલાલ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ વરાછાના માતાવાડી પાસે પવન એપાર્ટમેન્ટમાં આવેલી દુકાન નં.૭ તેમના પિતા શાંતિલાલ લક્ષ્મીચંદ જૈને ૪૦ વર્ષ પહેલાં ફાઈલ પર ખરીદી હતી. પિતાના અવસાન બાદ રમેશભાઈએ આ દુકાન ઓગસ્ટ-૨૦૨૫માં વિમલકુમાર જયસુખભાઈ ગજેરાને વેચવાનું નક્કી કર્યું હતું. આ સોદામાં જલ્પેશભાઈ ઝીણાભાઈ ભૂવા મધ્યસ્થી તરીકે હતા. દુકાનનો વેચાણ સોદો થયા બાદ જાન્યુઆરી-૨૦૨૬માં રમેશભાઈએ મનપામાં RTI હેઠળ તપાસ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી, જેમાં વિમલ ગજેરા અને જલ્પેશ ભૂવાએ મનપાના દફ્તરે નામ ચડાવવા માટે તા.૨૧/૩/૨૦૦૬ની તારીખનો એક બોગસ વેચાણ કરાર રજૂ કર્યો હતો, જેમાં રમેશભાઈની અંગ્રેજીમાં અને તેમના સ્વર્ગસ્થ પિતાની ગુજરાતીમાં ખોટી સહીઓ કરવામાં આવી હતી. આટલું જ નહીં, આ દસ્તાવેજ પર એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના સિક્કા અને વકીલ રાજેશ ભુવાના નોટરી સિક્કાનો પણ ઉપયોગ થયો હતો. આરોપીઓએ પ્રકાશભાઈ પરમાર નામના કોઈ અજાણ્યા વ્યક્તિને ભાડુઆત તરીકે દર્શાવી, તેણે દુકાન ખાલી કરી હોવાની ખોટી 'કબજા રસીદ' પણ ઊભી કરી હતી. વાસ્તવમાં આ નામનો કોઈ ભાડુઆત ક્યારેય ત્યાં રહ્યો જ નહોતો. રમેશભાઈની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં તેમણે વરાછા પોલીસનું શરણું લીધું હતું. પોલીસે આ મામલે વિમલકુમાર જયસુખભાઈ ગજેરા, જલ્પેશકુમાર ઝીણાભાઈ ભૂવા જે બંને (રહે.,નીલકંઠ રેસિડેન્સી, કામરેજ) અને રાજેશભાઈ ભૂવા (વકીલ/નોટરી) (રહે.,રત્નસાગર બિલ્ડિંગ, મીની બજાર, વરાછા) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગેરકાયદે ગેસ રિફિલિંગ: ઝોન-૬ની પોલીસ ત્રાટકી

**પોલીસે** ૧૩ સ્થળે દરોડા પાડી ૧૩ ગુનાનો પર્દાફાશ કરી ગેસ બોટલ, મશીનો સહિત રૂ.૮૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

સુરતઃ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના પ્રભાવ વચ્ચે ગેસ બાટલાના કાળા બજાર અને સંગ્રહખોરી સામે સુરત પોલીસ હરકતમાં આવી છે. ડીસીપી ઝોન-૬ના માર્ગદર્શન હેઠળ વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા ઈસમો સામે મોટી કાર્યવાહી હાથ ધરાતાં ૧૩ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઘરેલુ ગેસ બાટલાની અછત અને તેની આડમાં વધતી કાળાબજારીને ધ્યાનમાં રાખી ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને ડીસીપી ઝોન-૬ રાજેશ પરમારે સચિન, ભેસ્તાન અને સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરોને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક અમલવારી કરવા દિશાનિર્દેશ આપ્યા હતા. પોલીસ ટીમોએ ઝોન-૬ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરી અલગ અલગ ૧૩ સ્થળે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ૧૩ દુકાનદાર ઘરેલુ વપરાશના "રેડ હેડ" ગેસ બાટલામાંથી અન્ય બાટલામાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા રંગેહાથ ઝડપાયા હતા. તપાસ દરમિયાન વિવિધ કંપનીના નાના-મોટા ભરેલા તથા ખાલી મળી કુલ ૨૧ ગેસ બાટલા કબજે કરવામાં આવ્યા હતા. ઉપરાંત ગેસ રિફિલિંગ માટે ઉપયોગમાં લેવાતાં મશીનો, નળી અને વાલ સહિતનાં સાધનોના કુલ ૧૩ સેટ તેમજ ૧૩ ઈલેક્ટ્રિક વજન કાંટા પણ જપ્ત કરવામાં આવ્યાં હતાં. કુલ મળી અંદાજે રૂ.૮૬,૦૯૦નો મુદ્દામાલ પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો છે. કાર્યવાહી અંતર્ગત સચિન પોલીસ સ્ટેશન દ્વારા ૫ કેસ, સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશન દ્વારા ૬ કેસ તથા ભેસ્તાન પોલીસ સ્ટેશન દ્વારા ૨ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસ દ્વારા પકડાયેલા દુકાનદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

#### ધરપકડ કરાયેલા આરોપીઓની વિગત

ડીસીપી ઝોન-૬ હેઠળ ગેરકાયદે ગેસ રિફિલિંગ કેસમાં પોલીસે કુલ ૧૩ આરોપીને ઝડપી પાડ્યા છે, જેમાં દીપક ઝાલમચંદ કલાલ (ઉં.વ.૨૪) (જય માતાજી ઇલેક્ટ્રિક એન્ડ સ્ટીલ ભંડાર, આકાશ કોમ્પ્લેક્સ, વાંઝગામ-સચિન), મુકેશકુમાર રોશનલાલ મેવાડા (ઉં.વ.૩૦) (આકાશ કોમ્પ્લેક્સ, વાંઝગામ, સચિન), શ્રવણલાલ બશ્તીમલ કલાલ (ઉં.વ.૩૨) (વેપાર) (જમશેદનગર જલારામ-સચિન), નીતુબેન શૈલેન્દ્રભાઈ દુબે (ઉં.વ.૨૭) (મહાકાલ કિરાણા, જીતુસિંગ બિલ્ડિંગ-સચિન), ઈશ્વર શંકરલાલ કલાલ (ઉં.વ.૩૬) (ભેરૂનાથ કિરાણા સ્ટોર, જમશેદનગર સોસાયટી-સચિન), સંજય ભૈયાલાલ આરક (ઉં.વ.૨૬) (ગુરુકૃપા સોસાયટી, સરસ્વતી કિરાણા-સચિન જીઆઇડીસી), શ્યામબાબુ રામપ્રતાપ કબીરદાસ (ઉં.વ.૧૯) (લક્ષ્મીનારાયણ કિરાણા-સચિન જીઆઇડીસી), સુનીલ લખનલાલ શાહુ (ઉં.વ.૩૦) (ગુરુકૃપા સોસાયટી-સચિન જીઆઇડીસી), ઉમાશંકર રામરાજ પાલ (ઉં.વ.૩૫) (અંબિકાનગર, પાલીગામ-સચિન જીઆઇડીસી), રમણકુમાર જયકુમાર ભગત (ઉં.વ.૩૦) (કૈલાસનગર પાલીગામ-સચિન જીઆઇડીસી), રમેશ રામજુલુમ યાદવ (ઉં.વ.૩૦) (અંબિકાનગર પાલીગામ-સચિન જીઆઇડીસી), મોહમદ ફારૂક ઉમરદીન સૈયદ (ઉં.વ.૩૩) (દરબારનગર, ઉન પાટિયા-ભેસ્તાન) તથા રામનરેશ માટાદિન પ્રજાપતિ (ઉં.વ.૩૦) (ગોલ્ડન આવાસ-ભેસ્તાન) નો સમાવેશ થાય છે.

# કાર પાર્કિંગ મુદ્દે સમયમર્યાદા બાદ થયેલી ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી

**સચિન** ગોકુલધામ રેસિડન્સીના બિલ્ડરે પાર્કિંગ નહીં આપતા ફ્લેટધારકે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી

સુરતઃ સચિન વિસ્તારમાં ગોકુલધામ રેસિડેન્સીના બિલ્ડરે પાર્કિંગની સુવિધા ન આપી હોવાનું જણાવી તેવી સુવિધા અપાવવાની દાદ માંગતી ફરિયાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)એ ફગાવી દીધી હતી.

ફરિયાદી અર્ચના ગિરધરભાઈ ચૌધરી તથા ગિરધરભાઈ બ્રિજલાલ ચૌધરીએ ગણેશ ડેવલોપર્સ તથા ભાગીદારો વિરુદ્ધ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરિયાદ કરી હતી કે તેઓએ ફ્લેટ નં. 407, A-2 બિલ્ડિંગ, ગોકુલધામ રેસિડન્સી ખરીદ્યો હતો અને તા. 28/01/2016 ના રોજ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. તેમનો મુખ્ય આક્ષેપ હતો કે બિલ્ડરે અલગ કાર પાર્કિંગ આપવાની ખાતરી આપી છતાં પાર્કિંગ સુવિધા આપવામાં આવી નથી. સામાવાળાઓ તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ કમિશન સમક્ષ હાજર થયા હતા અને દલીલો કરી હતી કે ફરિયાદ સમય મર્યાદા બહાર દાખલ કરવામાં આવી છે, કારણ કે વેચાણ દસ્તાવેજ 2016 માં થયો હતો અને ફરિયાદ વર્ષ 2022માં દાખલ કરવામાં આવી છે. સુરત મનપા દ્વારા બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે, જે સ્પષ્ટ કરે છે કે બાંધકામ તથા તમામ સુવિધાઓ મંજૂર નકશા મુજબ પૂર્ણ કરવામાં આવી છે. બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ કમિશને નોંધ્યું હતું કે ગ્રાહક સુરક્ષા અધિનિયમ મુજબ ફરિયાદ બે વર્ષની અંદર કરવી આવશ્યક છે, જ્યારે હાલની ફરિયાદ નોંધપાત્ર વિલંબ બાદ દાખલ કરવામાં આવી છે અને વિલંબ માફી માટે કોઈ પૂરતું કારણ રજૂ કરવામાં આવ્યું નથી.

આથી ફરિયાદ સમયમર્યાદા બહાર હોવાથી પણ તે મેન્ટેનેબલ નથી. કમિશને વધુમાં નિરીક્ષણ કર્યું હતું કે વેચાણ દસ્તાવેજમાં પાર્કિંગ અંગે સામાન્ય જોગવાઈ દર્શાવવામાં આવી છે, પરંતુ ફરિયાદીઓ દ્વારા એવા કોઈ ચોક્કસ અને વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. સુરત જિલ્લા ગ્રાહક કમિશન (મુખ્ય)ના પ્રમુખ પી. પી. મેખીયા તથા ડો. તીર્થેશ મહેતાએ ચુકાદામાં ઠરાવ્યું હતું કે ફરિયાદ સમય મર્યાદા બહાર તથા પુરાવાના અભાવે કાનૂની રીતે ટકી શકતી નથી. જેથી ફરિયાદ નામંજૂર કરવામાં આવી હતી. આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે બિલ્ડર દ્વારા મંજૂર નકશા મુજબ બાંધકામ પૂર્ણ કરીને અને સત્તાવાર B.U. સર્ટિફિકેટ મેળવ્યા બાદ, માત્ર સામાન્ય આક્ષેપોના આધારે જવાબદારી ઠેરવવી શક્ય નથી.

## એ.કે. રોડ પર ઘર કંકાસમાં રત્નકલાકારે ઝેર પી લીધું

સુરતઃ એ.કે રોડ પર ઘર કંકાસમાં રત્નકલાકારે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના રત્નકલાકાર ગોપાલ લશ્કરભાઈ રાઠોડ (28 વર્ષ) હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલ જયરામ નગર સોસાયટીમાં રહેતા હતાં. તેમનો પત્ની સાથે અવારનવાર કોઈકને કોઈક બાબતને લઈ ઝઘડો થતો હતો. જે ઝઘડાઓથી કંટાળી ગઈકાલે રાત્રે તેમણે ઘરમાં ઝેરી દવા પી લેતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત નિપજ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં નાની નાની બાબતે આપઘાતના બનાવો બની રહ્યાં છે. કોઈ આર્થિક સંકળામણને કારણે તો કોઈ માત્ર ઠપકા જેવી બાબતે આત્મહત્યા કરી લે છે. આ પ્રકારે રોજે રોજ થતી આત્મહત્યા અટકાવવામાં સમાજે મંથન કરવું પડશે.

# અડાજણમાં રિક્ષામાં ગેંગે વૃદ્ધાની સોનાની બંગડીઓ તફડાવી લીધી

**મુસાફર** બની બેસેલી મહિલા સહિત ચાર શખ્સે હાથ સાફ કર્યો; નજર ચૂકવી દાગીના કાપી પલાયન

સુરતઃ અડાજણ વિસ્તારમાં ઠગબાજ ટોળકીએ ઓટો રિક્ષામાં મુસાફર બની વૃદ્ધાને નિશાન બનાવી સોનાના દાગીનાની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ચાલતી રિક્ષામાં નજર ચૂકવી રૂ.1.11 લાખની બંગડીઓ તફડાવી ગેંગ ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અડાજણ હની પાર્ક રોડ પર આવેલા જોગાણીનગરમાં રહેતા સમીરભાઈ નટવરલાલ અગ્રવાલની પત્ની 72 વર્ષીય અલકાબેન સાથે આ બનાવ બન્યો છે. મળતી માહિતી મુજબ તા.23 ફેબ્રુઆરી-2026ના રોજ સવારે 10:30થી 11:30 દરમિયાન અલકાબેન ઘરેથી કામસર નીકળ્યાં હતા. તેઓ સુરભી ડેરી પાસેથી જોગાણીનગર જવા માટે ઓટો રિક્ષામાં બેઠાં હતાં. રિક્ષામાં પહેલેથી જ મુસાફરોના સ્વાંગમાં એક અજાણી મહિલા તથા બે પુરુષો બેઠેલાં હતાં. બાદમાં અલકાબેનને પણ પેસેન્જર તરીકે બેસાડવામાં આવ્યાં હતાં. રિક્ષા આગળ વધતાં જ ટોળકીના સભ્યોએ અલકાબેનને આગળ-પાછળ ખસવા કહી ગેરમાર્ગે દોર્યાં હતાં. દરમિયાન તકનો લાભ લઈ ગેંગે તેમની નજર ચૂકવી હાથમાં પહેરેલી સોનાની બે બંગડીઓ, જેની કિંમત અંદાજે રૂ.1.11 લાખ થાય છે, ચોરી લીધી હતી. થોડા અંતરે પહોંચ્યા બાદ ટોળકીએ અલકાબેનને રિક્ષામાંથી ઉતારી દીધા અને પલાયન થઈ ગઈ હતી. બાદ અલકાબેનને ચોરીની જાણ થતાં તેઓ ચોંકી ઊઠ્યા હતા અને તાત્કાલિક અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણી મહિલા સહિત કુલ ચાર આરોપી સામે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આસપાસનાં સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીઓને ઝડપી પાડવા માટે ટીમો કામે લાગી છે.

# RKTના વેપારીએ સાડીના વેપારીને રૂ.5.99 લાખનો ચૂનો લગાડ્યો

**મોટા** વેપારી હોવાની ઓળખ આપનાર ઠગ વેપારી ફરાર

સુરતઃ પુણાના વેપારી સાથે રૂ.૫.૯૯ લાખના કાપડની છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મીઠી-મીઠી વાતોમાં ભોળવી સમયસર પેમેન્ટની ખાતરી આપ્યા બાદ ઉધારમાં માલ ખરીદી આરોપીએ હાથ અધ્ધર કરી દેતાં આખરે મામલો પોલીસ પહોંચ્યો છે.

પુણા ગામની પ્રિયંકા સિટી સોસાયટીમાં રહેતા અને ઉમરવાડા સ્થિત ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં 'વંશિકા ટેક્સ ફેબ' નામે વેપાર કરતા રાજેશકુમાર ભંવરલાલજી કેલાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ ગત જાન્યુઆરી-૨૦૨૫માં અલથાણની સેન્ટોસા સોસાયટીમાં રહેતા અને રિંગ રોડ રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં 'શ્રી સત્યમ ફેબ્રિક્સ' ધરાવતા મહેશકુમાર કરનાણીએ તેમની દુકાને આવી પોતે મોટા વેપારી હોવાની ઓળખ આપી હતી. સુરતની ઘણી પાર્ટીઓ સાથે અમારો મોટો વ્યવહાર છે અને અમે સમયસર પેમેન્ટ કરીએ છીએ તેવી ખાતરી આપી રાજેશકુમારનો વિશ્વાસ જિત્યો હતો. આ વાતોમાં આવી જઈ રાજેશકુમારે ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫ દરમિયાન કુલ રૂ.૫,૯૯,૫૫૫ની કિંમતનો સાડીનો માલ ૩૦થી ૩૫ દિવસની ઉધાર શરતે આપ્યો હતો. ઉધાર માલ લીધા બાદ જ્યારે પેમેન્ટની સમયમર્યાદા પૂરી થઈ, ત્યારે રાજેશકુમારે ઉઘરાણી શરૂ કરી હતી. જો કે, આરોપી મહેશ કરનાણીએ પેમેન્ટ આપવાના બદલે વારંવાર ખોટાં બહાનાં બતાવી સમય પસાર કર્યો હતો. અંતે આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને સંપર્કવિહોણો થઈ ગયો હતો. આ મામલે વરાછા પોલીસ ઠગ વેપારી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શિવરંજની ગ્રુપ દ્વારા રવિવારે રૂપાંગ ખાનસાહેબ માટે સ્વરાંજલિનું આયોજન



સુરતઃ પોતે શબ્દબદ્ધ અને સ્વરબદ્ધ કરીને બે અવિસ્મરણીય આલ્બમ બનાવનાર જાણીતા સંગીત કલાકાર અને જેના મ્યુઝિક આલ્બમો ગુજરાતમાં શાળાઓના વાર્ષિકોત્સવમાં ગુંજી રહ્યા છે તેવા તેજસ્વી રૂપાંગ ખાનસાહેબના નિધનને પગલે શિવરંજની ગ્રુપે તેમના માટે તેમના જ ગાયેલા ગીતો દ્વારા સ્વરાંજલિના કાર્યક્રમનું આયોજન રવિવારે તા. 22મી માર્ચના રોજ સાંજે 5 વાગ્યે જીવન વિકાસ હોલ, અડાજણ ખાતે કર્યું છે. રૂપાંગ અને તેના ગીતના ચાહકો તેમજ સ્નેહીજનો માટે આ ગૌરવની વાત છે.

### અકસ્માત કેસમાં કારચાલક, માલિક અને વીમા કંપનીને 79.30 લાખ વળતર ચૂકવવા હુકમ

સુરતઃ ઓલપાડ તાલુકાના ઈશનપોર ગામના વતની અને ભારત ઉપરાંત વિદેશોમાં પણ યોગ ચેમ્પિયનશિપમાં અનેક મેડલ જીતનાર નિર્મળની સને 2019માં અમદાવાદમાં પોતાના સંબંધીને મળીને મહિલા મિત્ર સાથે એક્ટિવા પર પરત આવતા હતા ત્યારે કારચાલકે તેમની મોપેડને ટક્કર મારીને તેમનું મોત નિપજાવવાના વકીલ સુરેશ સવાણી મારફત કરાયેલા કેસમાં મોટર એક્સિડેન્ટ ટ્રિબ્યુનલે કારચાલક કુલદિપ લાલજીભાઈ લકુમ, માલિક ભાવેશભાઈ નાનુભાઈ દેસાઈ તથા વિમા કંપની આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીને નિર્મળના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં લઈને નિર્મળના માતા-પિતાને વળતર તરીકે રૂપિયા 79.30 લાખ 30 દિવસમાં ચૂકવવા માટે હુકમ કર્યો હતો.

### મુક્તિની મંઝિલે પહોંચવા માટે હૈયું ભક્તિથી ભીંજાવું જોઈએ: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મીરારોડઃ મીરારોડ સ્થિત યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ પ્રેરિત અને આશીર્વાદિત શ્રી વિનયનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પ્રથમવાર પધરામણી થતાં સાધર્મિક બંધુઓમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. આ પુનિત પ્રસંગે ધર્મસભાનું આયોજન થયું હતું. ગુરુભક્ત પરિવાર તરફથી વિશિષ્ટ પ્રભાવના કરવામાં આવી હતી. આચાર્યપ્રવરે ધર્મપ્રેમી શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, મુક્તિની મંઝિલે પહોંચવા માટે હૈયું ભક્તિથી ભીંજાવું જોઈએ. હોઠની પ્રાર્થના કરતાં, હૈયાની પ્રાર્થના દમદાર હોય છે. હોઠ દ્વારા બહુ બહુ તો શબ્દોનું માધુર્ય ઝળકે છે પણ હૈયા દ્વારા થતી આરઝુ હૈયા અને આંખને ભીંજવે છે. પ્રભુની ભક્તિ જીવનમાં આવી પડેલા તાપ, સંતાપ, દુઃખ અને દુર્ભાગ્યને દૂર કરવાનું સામર્થ્ય ધરે છે. પ્રભુ સુધી પહોંચવા સદગુરુની આંગળી પકડવી જોઈએ. જ્યારે સદગુરુની અમીદ્રષ્ટિ શિષ્ય પર પડે છે ત્યારે શિષ્યની શક્તિઓ આપોઆપ ખીલી ઉઠે છે.

### વિવેકાનંદ ક્લાસિસનું નવોદય પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ



સુરતઃ સુરત જિલ્લામાં જવાહર નવોદય પરીક્ષા 2026માં વિવેકાનંદ ક્લાસિસે ફરી એકવાર શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યું છે. જિલ્લામાંથી 7 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી માત્ર 80 વિદ્યાર્થીઓની પસંદગી થવાની હતી. વિવેકાનંદ ક્લાસિસમાંથી કુલ 6 વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે, જે ક્લાસિસ માટે ગૌરવની બાબત છે. પટેલ મેઘ રાહુલકુમારે સમગ્ર જિલ્લામાં 5મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત ઝિંઝાળા આર્યન અલ્પેશભાઈ, વાળા હેમાલી હાર્દિકભાઈ, હડિયા પરિધી રણજીતભાઈ, રાઠોડ કૃષ્ણકુમાર ભીખુભાઈ અને ફિન્ડોરિયા ધ્યેય પારસભાઈએ પણ સફળતા મેળવી છે.

### મનપાના કર્મચારીના પુત્રનો જિમ્નાસ્ટિક્સમાં ગોલ્ડ મેડલ, કમિ.એ અભિનંદન આપ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં ચોથા વર્ગમાં ફરજ બજાવતા કર્મચારી સોલંકી જયાબેન રાકેશભાઇના પુત્ર સોલંકી વિવેકકુમાર રાકેશભાઇએ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સુરતનું નામ રોશન કર્યું છે. વિવેકકુમાર SAG દ્વારા સંચાલિત DLSS યોજના હેઠળ મોટા ફોફળીયા મુકામે જીમ્નાસ્ટિક્સ ખેલાડી તરીકે તાલીમ મેળવી રહ્યા છે અને હાલ ધોરણ 9 માં અભ્યાસ કરે છે. તાજેતરમાં નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે યોજાયેલા રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં તેમણે અન્ડર-17 વય જૂથમાં આર્ટિસ્ટિક જીમ્નાસ્ટિક્સની 'વોલ્ટિંગ ટેબલ' ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. તેમની આ અસાધારણ સિદ્ધિ અને રમત પ્રત્યેના સમર્પણને બિરદાવતા સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને વિવેકકુમારને રૂબરૂ મળીને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગુડી પડવાએ ગુરુકુળમાં ભગવાન સ્વામિનારાયણને લીમડાના રસથી અભિષેક

સુરત : વેડરોડ સ્વામિનારાયણ ગુરુકુળ સુરત ખાતે પ્રભુ સ્વામીએ હરિભક્તો તથા વિદ્યાર્થીઓને કહ્યું હતું કે રોગી પીવે તો નિરોગી થાય અને નિરોગી પીવે તો રોગી ન થાય એવો ગુણ કડવા લીમડાના રસમાં છે. લીમડો સ્વાદે કડવો પણ ગુણમાં મીઠો હોવાથી એના અનેક ગુણો આયુર્વેદમાં ગણાવાયા છે. ચૈત્ર મહિનાના પ્રારંભે ઋષિમુનિઓએ કડવા લીમડાનો રસ કે તેના કુણા પાંદડા અથવા લીમડે આવેલા મોરમાં મરી તથા પ્રમાણસર થોડું સિંધવ મીઠું નાંખી પીવાનું કહ્યું છે.; આ રસ 30 દિવસ સુધી રોજ પીવામાં આવે તો આખા ઉનાળાનો સંતાપ સતાવતો નથી. તેમજ કોઈ પણ ગરમીની વ્યાધિઓ થતી નથી. મચ્છરો મારવા તેનો ધુમાડો કરવામાં આવે છે. ઘરમાં ઓરી અછબડા થાય તો લીમડાની ડાળી ઘરના બારણે બાંધવામાં આવે છે. ચામડીના રોગોમાં લીમડાના પાન પાણીમાં ઉકાળીને પાણીથી નવડાવવામાં આવે છે.

### પંચમ્ ગ્રુપ દ્વારા આણંદજી-કલ્યાણજીનાં ફિલ્મી ગીતોની રવિવારે સ્પર્ધા

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૨૨મી માર્ચના બપોરે ૪થી ૮ સંગીતકાર આણંદજી-કલ્યાણજીના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ સ્વરાન્ગન સ્ટુડિયો, ૧૦૭, રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા, નવી એલ પી સવાણી સ્કુલ પાસે, પાલનપુર રાખવામાં આવયો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી.

### સુરત જિલ્લા પેન્શનર એસો.ના હોદ્દેદારોની શનિવારે મિટિંગ થશે

સુરતઃ જિલ્લા પેન્શનર એસો.ના પ્રમુખ મનહરભાઈ લાપસીવાલા એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા.૨૧/૩/૨૬ના શનિવારના રોજ સવારે 10. 30 કલાકે નાનપરા, જમરૂખ ગલી ખાતે સમસ્ત જિલ્લાના પેન્શનર એસોસિએશનના હોદ્દેદારો અને ત્રણ કારોબારી સભ્યોએ સાથે લઈ હાજર રહેવા જણાવ્યું છે. બપોરે સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તદુપરાંત તા.૨૫/૩/૨૬ના રોજ કલેક્ટરને આવેદનપત્ર આપવાનું હોવાથી દરેક જિલ્લાના હોદ્દેદારોએ હાજર રહેવું.